<u>વંચાણે લીધા :-</u> **પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના નીચે જણાવેલ જાહેરનામાં ક્રમાંક:**

(૧) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૪૧૪/૨૦૧૪ તા.૧૯/૦૬/૨૦૧૪
(૨) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૪૯૪/૨૦૧૬ તા.૨૮/૦૯/૨૦૧૬
(૩) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૧૩/૨૦૧૭ તા.૧૫/૦૪/૨૦૧૭
(૪) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૩૪/૨૦૧૭ તા.૨૩/૧૨/૨૦૧૭
(૫) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૩૧/૨૦૧૮ તા.૨૬/૯/૨૦૧૮

**જાહેરનામું**

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/ ૬૯ /૨૦૧૯**

**તા. ૧૭/૫ /૨૦૧૯**

હું, એ.કે.સિંઘ, **IPS**, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ ની સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં નીચે જણાવ્યા મુજબની વિગતે જુદા જુદા ટ્રાન્સપોર્ટ એસોસીએશનોની માંગણીઓને ધ્યાને લઇ આમુખ (૫) થી પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામામાં અંશત: નીચે મુજબ પ્રાયોગિક ધોરણે સુધારા હુકમ કરુ છું.

**<u>સુધારા હુકમ</u> :-**

અમદાવાદ શહેર વિસ્તારમાં ભારે તથા મધ્યમ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર આમુખ (૫) માં જણાવેલ જાહેરનામું શરતો અને હુકમને આધિન યથાવત રાખવામાં આવે છે. પરંતુ તેમાં આંશિક સુધારો કરવામાં આવે છે. જેમાં કલાક ૧૩.૦૦ થી ૧૬.૦૦ દરમિયાન શહેરમાં તમામ પ્રકારના ભારે તથા મધ્યમ પ્રકારના માલ વાહક વાહનોને નીચેના માર્ગો અનુક્રમ નંબર ૧ થી ૩ વાળા રૂટ ઉપર જવા આવવાની છુટછાટ આપવામાં આવે છે. આ માલ વાહક વાહનો નિયત કરેલ સમય અને રુટ ઉપર જ અવર-જવર કરી શકશે. તે સિવાય જો અવર-જવર કરતા જણાઇ આવશે તો જાહેરનામાનો ભંગ ગણાશે.

**(એ)** આ જાહેરનામામાંથી કલાક ૧૩.૦૦ થી ૧૬.૦૦ દરમિયાન શહેરમાં તમામ પ્રકારના ભારે તથા મધ્યમ પ્રકારના માલવાહક વાહનને નીચેના માર્ગો અનુક્રમ નંબર ૧ થી ૩ વાળા રૂટ ઉપર જવા આવવાની છુટછાટ આપવામાં આવે છે.

1. સરદાર પટેલ રીંગરોડ ઉપરના સનાથલ સર્કલથી ઉજાલાથી સરખેજ સર્કલથી ડાબી તરફ વળી સીધા શાંતીપુરા સર્કલ સુધી જ અવર-જવર કરી શકશે.
2. સરદાર પટેલ રિંગ રોડ ઉપરના હાથીજણ સર્કલથી સીધા રામોલ પોલીસ ચોકીથી વટવા જી.આઇ.ડી.સી. સુધી જ અવર-જવર કરી શકશે.
3. સરદાર પટેલ રિંગ રોડ પરના નાના ચિલોડા સર્કલથી સીધા નરોડા ઇન્ડસ્ટ્રીયલ ગેટ નંબર-૨ ની અંદરથી નરોડા જી.આઇ.ડી.સી. સુધી જ અવર-જવર કરી શકશે.

**(બી)** ફક્ત આર.ટી.ઓ. કચેરીનાં કામકાજ માટે નીચે દર્શાવ્યા મુજબ માર્ગ ઉપર કલાક ૧૦.૦૦ થી ૧૮.૦૦ દરમિયાન છુટછાટ આપવામાં આવે છે.

- સરદાર પટેલ રિંગ રોડ ઉપરના સનાથલ સર્કલથી શાંતીપુરા સર્કલથી સીધા બોપલ બાજુથી જમણી તરફ વળી તથા સરદાર પટેલ રિંગ ઉપરના સનાથલ સર્કલથી ઉજાલા સર્કલથી સીધા ઇસ્કોન સર્કલ ચાર રસ્તાથી શિવરંજની ચાર રસ્તાથી ડાબી તરફ વળી સીધા ૧૩૨ ફુટ રીંગ રોડથી સીધા આર.ટી.ઓ. કચેરી સુધી જ અવર-જવર કરી શકાશે.

આ સુધારા જાહેરનામાનો અમલ તા.૧૮/૫/૨૦૧૯ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ સુધારા જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને

Scanned by CamScanner

આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૭ /૫/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૭/૫/૨૦૧૯
અમદાવાદ શહેર

City Commissioner of Police * Ahmedabad *

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
 ૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
 રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
 રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
 ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
 ૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨,ટ્રાફીક,મુખ્ય મથક,વિશેષ શાખા,વહીવટ,અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
 ૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ......................................... અમદાવાદ શહેર
 ૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
 ૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.

Scanned by CamScanner